# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે આજે સંસદભવનમાં મતદાન થશે**
2. **વિધાનસભા ગૃહમાં આજે ઓપરેશન સિંદૂરની સફળતા અને જીએસટીના વેરામાં કરાયેલા સુધારા અંગેનો આભાર પ્રસ્તાવ થશે**
3. **સુરત અને દમણના ઉદ્યોગકારોએ જીએસટીમાં સુધારાને આવકાર્યો**
4. **રાજ્યમાં છેલ્લા 24 કલાકમા વરસાદનું જોર ઘટતાં રાહત.**
5. **પૂરગ્રસ્ત કચ્છ અને બનાસકાંઠામાં બચાવ અને રાહત કામગીરી માટે એનડીઆરએફ અને એસડીઆરએફની ટુકડીઓ તૈનાત**
6. **જૂનિયર નેશનલ બાસ્કેટબોલમાં ગુજરાતની જૂનિયર ગર્લ્સ ટીમે ફાઈનલમાં પ્રવેશ કર્યો.**

-------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# VP-ELECTION

ઉપરાષ્ટ્રપતિ પદની આજે ચૂંટણી આજે નવા સંસદમાં યોજાશે. આ ચૂંટણીમાં **NDA** ઉમેદવાર સી.પી. રાધાકૃષ્ણનનો મુકાબલો ઈન્ડિગઠબંધનના ઉમેદવાર અને સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયાધીશ બી. સુદર્શન રેડ્ડી સામે છે.

ઉપરાષ્ટ્રપતિની પસંદગી સંસદના બંને ગૃહોના સભ્યો ધરાવતી ચૂંટણી મંડળ દ્વારા કરવામાં આવે છે. ગુજરાતના સાંસદો પણ પોતાનો મતાધિકારનો ઉપયોગ કરશે.

પ્રસ્તૃત છે અમારા સંવાદદાતાનો એક અહેવાલ

**(વોઈસ કાસ્ટ – દિપેન્દ્ર કુમાર)**

---

# ASSEMBLY

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રનો આજે બીજો દિવસ છે . ગઇકાલે શોકદર્શક ઠરાવ પસાર કર્યા બાદ આજે ગૃહમાં વિવિધ ધારાસભ્યો દ્વારા પૂછાયેલા પ્રશ્નોત્તરી સહિતની કામગીરી હાથ ધરાશે. આ ત્રણ દિવસના સત્ર દરમિયાન પાંચ જેટલા ખરડા રજૂ કરાશે. આ ઉપરાંત ઓપરેશન સિંદૂરની સફળતા અંગેના આભાર દર્શક પ્રસ્તાવ પણ રજૂ કરીને તેની ઉપર ચર્ચા કરવામાં આવશે.

નાણામંત્રી કનુ દેસાઇ જીએસટીમાં કરવામાં આવેલા સુધારાનો અમલ 22 સપ્ટેમ્બરથી થશે તે અંગેનો પ્રધાનમંત્રીનો આભાર વ્યક્ત કરતો પ્રસ્તાવ રજૂ કરશે, આ ઉપરાંત ગુજરાત માલ અને સેવા વેરા વિધેયક તેમજ ગુજરાત જનવિશ્વાસ જોગવાઇ સુધારા વિધેયક રજૂ કરાશે.

---

# GST REFORMS

વસ્તુ અને સેવા કર- GST પરિષદે GSTના દરમાં કરેલા સુધારાઓને દેશભરમાંથી વ્યાપક આવકાર મળી રહ્યો છે. આ સુધારાઓથી અનેક ક્ષેત્રમાં કરના દર ઘટાડાના નિર્ણયથી લોકોનું જીવન સરળ બનાવવાનો પ્રયાસ કરાયો છે. આ અંગે કાપડના વેપારી અતુલ મોહતાએ પ્રતિક્રિયા આપી.

**(BYTE: ATUL MOHTA, KAPAD VEPARI)**

દમણ ઉદ્યોગ સંગઠનના પ્રમુખ પવન અગ્રવાલે પણ GST પરિષદના નિર્ણયને આવકારતા તેનાથી ઉદ્યોગોને લાભ થશે તેમ જણાવ્યું.

**(BYTE: PAVAN AGRAWAL, PRAMUKH, DAMAN INDUSTRIES ASSOCIATION)**

---

# RAIN (PAGE 1)

છેલ્લા ઘણા દિવસથી પડી રહેલા ભારે વરસાદ બાદ હવે રાજ્યમાં ધીમેધીમે વરસાદનું જોર ઘટી રહ્યું છે.

હવામાન ખાતાએ પણ  આગામી પાંચ દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જ્યારે કેટલાક વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. રાજ્યભરમા છેલ્લા 24  કલાકમાં 67  તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વરસાદ લખપતમાં 6  ઇંચ, ભાભરમાં સાડા પાંચ ઈંચ વરસાદ નોંધાયો છે

જ્યારે અડધા ઈંચથી ઓછો વરસાદ જેતપુર પાવી, ડાંગ-આહવા, સુરત,કાલોલ સહિત અનેક વિસ્તારમાં નોંધાયો છે.

આ બધાની વચ્ચે આજથી માત્ર કચ્છ જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે. જેને ધ્યાને લઈને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુરક્ષાના ભાગરૂપે ભુજના માધાપરમાં એન.ડી.આર.એફની રેસ્ક્યુ ટીમ તૈનાત કરવામાં આવી છે. તંત્ર દ્વારા જોખમી રસ્તાઓ બંધ કરવાની સાથે નીચાણવાળા વિસ્તારમાંથી લોકોના સ્થળાંતર સહિતના પગલા ભરાયા છે. જેને લઈને એન.ડી.આર.એફ ટીમના કમાન્ડર બસંત તીરકે વધુ માહિતી આપી રહ્યા છે.

## <u>બાઈટ - એન.ડી.આર.એફ ટીમ કમાન્ડર ઇન્સ્પેક્ટર બસંત તીરકે</u>

વડોદરામાં વરસાદનું જોર ઘટતા પૂરનું સંકટ પણ ટળ્યું છે. જેને લઈ વડોદરાના મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશબાબુએ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી

## બાઈટ- વડોદરા મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશબાબુ

પાટણના રાધનપુર અને સાંતલપુર તાલુકામાં છેલ્લા ત્રણ દિવસમાં 13 ઇંચ જેટલો ભારે વરસાદ નોંધાયો છે.

વરસાદના પગલે વલસાડના કપરાડા તાલુકાના દહીંખેડ ગામ નજીક વાંકી નદી પરનો નાનો પુલ ધોવાઈ જતા આસપાસના ગામ લોકોને અવરજવર માટે મુશ્કેલી પડી રહી છે.

આણંદ જિલ્લાના રીંઝા ગામના સીમ વિસ્તારમાં રહેતા ૭ જેટલા લોકોનું રેસ્કયુ કરવામાં આવ્યું. હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ તારાપુરના ખડા ગામમાં એક એસ.ડી.આર.એફની ટીમ તૈનાત કરાઈ છે. આ સાથે જ ઉપરવાસછથી પાણી છોડવામાં

**આવતા આણંદ જિલ્લામાં તારાપુર અને ખંભાત તાલુકાના 14 ગામોમાં વ્યાપક અસર થવા પામી છે.**

**આ સાથે જ ધરોઈ ડેમમાંથી પાણીની આવક અટકતા સાબરમતી નદીમાં પણ પાણીની આવક ઘટી છે.પણ રિવરફ્રંટ નાગરીકો માટે બંધ રખાશે.**

**અમદાવાદના નારોલ વિસ્તારમાં વિજ કંરટ લાગવાના કારણે બે લોકોના મોત થયા છે**

---

## GANDHINAGAR RTO

**ગાંધીનગર જિલ્લા પોલીસ અને R.T.O. દ્વારા નિયમોનું પાલન ન કરનાર વાહન ચાલકોના લાયસન્સ રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પાંચથી વધુ વખત નિયમોનું પાલન ન કરનાર વાહન ચાલકો સામે કડક કાર્યવાહી કરાશે. આ માટે ગાંધીનગર પોલીસ અને R.T.O. દ્વારા 525 લોકોની યાદી તૈયાર કરવામાં આવી છે.**

**અગાઉ નિયમોનું પાલન ન કરનાર વાહન ચાલકને નોટિસ અપાશે. ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા કમાન્ડ કંટ્રોલ રૂમ ખાતેથી ઈ-ચલણ ઇસ્યુ કરવામાં આવે છે. એકના એક વાહન ચાલક દ્વારા પાંચ વખતથી વધુ ટ્રાફિક નિયમોનો ભંગ કરવા બદલ કાર્યવાહી કરાશે .**

---

## JUNIOR NATIONAL BASKETBALL

**જૂનિયર નેશનલ બાસ્કેટબોલમાં ગુજરાતની જૂનિયર ગર્લ્સ ટીમે ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. પંજાબના લુધિયાણામાં રમાયેલી સેમિ ફાઈનલમાં ગુજરાતે 87-79થી**

હરિયાણાને હરાવીને ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે. ફાઈનલમાં ગુજરાતનો મુકાબલો આજે તમિલનાડુ સામે થશે. તમિલનાડુએ બીજી સેમિફાઈનલમાં મહારાષ્ટ્રને હરાવ્યું હતું.

---

## BJP PROTEST

બિહારમાં ઈન્ડી ગઠબંધનનાં મંચ પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની માતા માટે અપમાન જનક શબ્દોના ઉચ્ચારણોના વિરોધમાં ભારતીય જનતા મહિલા મોરચા દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ગઇકાલે અમદાવાદ, ગાંધીનગર, ભાવનગર અને પંચમહાલ સહિતના જિલ્લાઓના મુખ્યમથકો અને નગરોમાં મહિલાઓએ ભાગ લઇને સૂત્રોચ્ચાર કરીને પોતાનો રોષ પ્રગટ કર્યો હતો. આવા ઉચ્ચારણો કરનાર સામે કડક પગલાં નહીં લેવાય તો આંદોલન વધુ ઉગ્ર કરવાની ચીમકી પણ મહિલાઓએ ઉચ્ચારી હતી.

---

## DWARKA EARTHQUAKE

દ્વારકા જિલ્લાના ભાણવડ પંથકમાં ભૂકંપના આંચકા અનુભવાયા. **2.3** ની તિવ્રતાના બે આંચકા સાંજે સાડા સાત વાગ્યાની આસપાસ અનુભવા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ પોરબંદરથી **37** કિમીની ત્રીજ્યામાં હોવાનું અનુમાન છે. છેલ્લા બે દિવસથી ભાણવડ શહેર અને તેના આસપાસના વિસ્તારોમાં ભૂકંપના આંચકાઓ નોંધાય રહ્યા છે.

---